મહાદેવપુરા (કેવન)માં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

રાયગઢ, તા.૨૪

હિંમતનગર તાલુકાના મહાદેવપુરા (કેવન) ગામે નિલકંઠેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં માં પાર્વતી, ગણપતિ, નદી તથા કૂર્મનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અગ્રણી સમીરસિંહ નાથુસિંહ રાઠોડ અને વિજયસિંહ બબસિંહ રાઠોડના મુખ્ય યજમાનપદે ગુરૂવારના રોજ યોજવામાં આવ્યો હતો. બે દિવસના આ મહોત્સવ દરમિયાન યજ્ઞ આચાર્ય અમિતકુમાર શાસ્ત્રીની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચાર સાથે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાંતઃપૂજન, હોમ-કર્મ, મૂર્તિ નગરયાત્રા, સમૂહ આરતી સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ શ્રદ્ધાળુ ધર્મપ્રેમી ભક્તો ઉપસ્થિત રહી ભોજન પ્રસાદ અને દર્શનનો લાભ લીધો હતો.

વરસાદ ખેંચાયો : સાબરકાંઠા, અરવલ્લીમાં બાગાયત ખેતીને મોટો ફટકો પડવાની દહેશત

ભરચોમાસે ગરમીના કારણે ઉત્પાદન ઘટી શકે છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લીના ખેડૂતો પરંપરાગત ખેતીને છોડી બાગાયત ખેતી તરફ વળી ઉંચી આવક મેળવી રહ્યા છે. પરંતુ આ વર્ષે વરસાદ ખેંચાયો છે અને ભરચોમાસે તાપમાનનો પારો ઉંચકાતાં બાગાયત ખેતીને મોટો ફટકો પડવાની દહેશત ઉભી થઈ છે. રાજ્ય સરકાર અને કૃષિ વિભાગ દ્વારા બાગાયત ખેતીને પ્રોત્સાહન આપવા માટે અનેક પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. પરંતુ દર ચોમાસા દરમ્યાન વાવાઝોડા સાથે વરસાદ વરસે એટલે બાગાયત પાકને નુકસાન થતું આવ્યું છે. કેટલાક કિસ્સાઓમાં

ભારે વાવાઝોડામાં ગ્રીનશેડને નુકસાન પણ પહોંચ્યું હતું. આ વર્ષે મે. મહિનામાં ત્રાટકેલા તાઉતે વાજોડાએ બાગાયત ખેતી કરતા ખેડૂતોની કેડ ભાંગી નાખી હતી પરંતુ ખેડૂતોએ જરાપણ નાસીપાસ થયા વગર બાગાયતી ખેતી ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. જિલ્લાના બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, ઈડર, મોડાસા સહિતના અનેક વિસ્તારોમાં કેળાં, પપૈયા, દાડમ, જામફળ, ચીકુ, લીંબુ, ડ્રેગન ફ્રૂટની ખેતી થઈ રહી છે પરંતુ આ વર્ષે ઓછો વરસાદ અને ભરચોમાસે તાપમાનનો પારો ૩૩ ડિગ્રીને પાર કરી જતાં બાગાયત ખેતીને મોટો ફટકો પડી શકે છે. પાછલા ૫ વર્ષમાં જિલ્લામાં બાગાયત ખેતીનું પ્રમાણ વધ્યું છે. જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોએ બાગાયતી ખેતીથી કેવી રીતે વધુ પાક ઉપજ મેળવાય તેનાં તજજ્ઞો દ્વારા માર્ગદર્શન મેળવ્યાં છે. કેટલાક ખેડુતોએ તો ઈઝરાયેલ સહિત અન્ય દેશોની બાગાયતી ખેતીનો અભ્યાસ કર્યો છે. પરંતુ જ્યાં કુદરત જ રૂઠી હોય ત્યાં ખેડૂતોના ગમે તેટલા પ્રયાસ હોય તે સફળ થવાની આશા ધૂંધળી રહી છે.

નવીશિણોલ ગામનું ગૌરવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

મોડાસાની બી.ડી.શાહ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રિન્સિપાલ ડૉ.બીપીનકુમાર ડી. પટેલ અને હીનાબેન પટેલના પુત્ર ડૉ.વિહંગ પટેલે એલ.જી.હોસ્પિટલ-મણીનગર, અમદાવાદથી એમ.ડી. સાઈકીયાટ્રીકની પદવી મેળવી નવીશિણોલ ગામમાંથી પ્રથમ એમ.ડી.ની ડીગ્રી મેળવવાની સિદ્ધિ હાંસલ કરી આંજણા પાટીદાર સમાજ અને ગામનું ગૌરવ વધારતાં કુંદનભાઈ પટેલ (શિરસ્તેદાર-હિંમતનગર પ્રાંત કચેરી), વી. એમ. પટેલ(પૂર્વ અધ્યક્ષ : સાબરકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ) સહિત અનેક આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા. ડૉ.વિહંગ પટેલને એલ.જી. હોસ્પિટલના સાઈકીયા વિભાગમાં સીનીયર રેસીડેન્ટ તરીકેની નિયુક્તિ મળી છે જેને રવિભાઈ પટેલ(પત્રકાર, ખંભીસર) વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગણપતિ મહોત્સવને છૂટ પણ યોગ્ય ગાઈડલાઈનનો અભાવ

૪ ફૂટ સુધીની મૂર્તિ સિવાય અન્ય કોઈ સૂચના ન હોવાથી મૂંઝવણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગણેશ મંડળો દ્વારા ગણેશ મહોતસવની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. કોરોનાનું સંક્રમણ ઘટતાં સરકારે ૪ ફૂટ સુધીની મૂર્તિનું સ્થાપન કરવા સૂચના કરી પરંતુ યોગ્ય ગાઈડલાઈનનો અભાવ હોવાથી ગણેશ મહોત્સવની ઉજવણી મુદ્દે આયોજકો હજુ મૂંઝવણ અનુભવી રહ્યા છે. સોશ્યલ ડીસ્ટન્સ તેમજ ફરજીયાત માસ્ક સહિત ઉજવણી સ્થળે કેટલા લોકોને ઉપસ્થિત રાખવા વગેરે સહિતની ગાઈડલાઈનનો અભાવ પ્રવર્તિ રહ્યો છે.

જિલ્લામાં શ્રાવણ માસના આરંભ સાથે એક પછી એક વ્રત અને તહેવારોનો દૌર શરૂ થયો છે. કોરોના કાળમાં તમામ રીતે નાસીપાસ થયેલા પ્રજાજનો

હર્ષોલ્લાસથી તહેવારોની ઉજવણીમાં મશગુલ બન્યા છે. શ્રાવણ માસમાં શિવમંદિરોમાં હરહર મહાદેવ તેમજ ઓમ નમઃ શિવાયના નાદથી વાતાવરણ પુલકિત બન્યું છે. ભગવાન શિવની આરાધનાના શ્રેષ્ઠ એવા શ્રાવણ માસમાં શિવજીની આરાધના પછી હવે વિઘ્નહર્તા ગણપતિનું પર્વ નજીક આવતાં ગણેશ ભક્તો ઉત્સાહીત બન્યા છે. જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી કોરોનાનું સંક્રમણ ઘટતાં આ વખતે આસ્થા સાથે ગણેશ મહોત્સવ ઉજવવાની છૂટ મળશે તેવી ધારણા હતી. સરકારે પણ પ્રજા ઉત્સવો માણી શકે તે માટે સમય સમયે ખાસ ગાઈડલાઈન બહાર પાડી છે જેમાં ગણેશ મહોત્સવને ધ્યાનમાં રાખી ૪ ફૂટ સુધીની મૂર્તિ સ્થાપન સ્થળે મૂકવા માટેની છૂટ આપતાં ગણેશ ભક્તો હરખાયા પરંતુ હવે અન્ય ગાઈડલાઈન સરકાર તરફથી જારી કરવામાં આવી નથી જેથી જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં દર વર્ષે સામૂહીક ગણેશ મહોત્સવની ઉજવણી કરનારા ગણેશ મંડળો મૂંઝવણમાં મૂકાયા છે.

રેપિડ ટાસ્ક ફોર્સ દ્વારા ગાંભોઈમાં ફ્લેગ માર્ચ યોજાઈ...

ગાંભોઈ, તા.૨૪

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના ભંગ સમયે ટાસ્ક ફોર્સ દ્વારા જિલ્લા વહીવટી તંત્રને વહેલી તકે કાયદાની પરિસ્થિતિ સુધારવામાં મદદ મળે તે હેતુસર વસ્ત્રાલ અમદાવાદથી અભ્યાસ અર્થે આવેલ બટાલિયન રેપિડ ટાસ્ક ફોર્સનું એક પ્લાટુન કમાન્ડર જીતસિંહ, નિરીક્ષક જી.ડી.યાદવ અને મનોજકુમારની આગેવાની હેઠળ સાબરકાંઠા જિલ્લાના સંવેદનશીલ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કવાયત કરવામાં આવી હતી. તેના ભાગરૂપે સોમવારના રોજ હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પી.પી.જાનીની રાહબરી હેઠળ ગાંભોઇ પોલીસ સ્ટેશનના સંવેદનશીલ વિસ્તારોમાં બટાલિયન રેપિડ ટાસ્ક ફોર્સની ફ્લૅગમાર્ચ યોજવામાં આવી હતી.

વરસાદની ખેંચ : પ્રાંતિજ તાલુકામાં ડાંગર વાવેતર નિષ્ફળ જવાની દહેશત

ખરીફ સીઝનમાં વરસાદે હાથતાળી આપી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

ખરીફ સીઝનમાં વરસાદે હાથતાળી આપતાં ખેતીનું ચિત્ર ધુંધળું બન્યું છે ત્યારે પ્રાંતિજ તાલુકામાં ચોમાસાની સીઝનમાં ડાંગરનું વાવેતર થયા પછી વરસાદ વધુ ખેંચાતાં હવે વાવેતર નિષ્ફળ જવાની દહેશત ઉભી થઈ છે. તાલુકામાં ૭૦૦૦થી પણ વધુ હેક્ટર જમીનમાં ખેડૂતોએ ડાંગરનું ધરૂ વાવી સારા ઉત્પાદનની આશા રાખી પરંતુ વરસાદે હવે છેહ દેતાં ખેડૂતોની ડાંગરની ખેતી સીઝનમાં નિષ્ફળ જાય તેવી દહેશત માત્રથી ખેડૂતો ચિંતિત બન્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં એકમાત્ર પ્રાંતિજ તાલુકાના ખેડૂતો શાકભાજીના વાવેતર સાથે ડાંગરનું વાવેતર કરતા હોય છે. બિનપિયત વિસ્તારોમાં પણ સારા વરસાદની આશાએ ખેડૂતો ડાંગરનું ધરૂ લાવી ખેતરોમાં વાવેતર કરતા હોય છે. આ વખતે ચોમાસાના આરંભે સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો જેથી તાલુકાના પીલુદરા, પોગલું, સોંપડ, રસુલપુર, રાસલોડ સહિતના વિસ્તારોના ખેડૂતોએ ડાંગરનું ધરૂ લાવી વાવેતર કર્યું જેમાં એકાદ-બે વરસાદે વાવેતરને ફાયદો કરાવી આપ્યો પરંતુ ત્યાર પછી વરસાદ રીસાયો છે. ડાંગરની ખેતીને પાણી વધુ માત્રમાં જોઈતું હોવાથી સિંચાઈની સગવડવાળા ખેડૂતોએ પાણી આપવાની શરૂઆત કરી પરંતુ બિનપિયત વિસ્તારોમાં ડાંગરનું ધરૂ નષ્ટ થઈ જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. ખેડૂતો સિંચાઈના પાણી આપી વાવેતર બચાવવા મથામણ કરી રહ્યા છે. બોરકૂવાના પાણી કરતાં કુદરતી વરસાદ વરસે તો ડાંગરનું ઉત્પાદન વધુ થતું હોય છે જેથી આ વિસ્તારના ખેડૂતો કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા છે. આગામી સપ્તાહમાં વરસાદ ધોધમાર સ્વરૂપે નહીં વરસે તો બાગાયતી પાકો સાથે ડાંગરની ખેતીથી ખેડૂતોને હાથ ધોઈ નાખવા પડે તેવી સ્થિતિ પેદા થવા જઈ રહી છે.

HUIDના કાયદાના વિરોધમાં પાલનપુર ચોક્સી સુવર્ણકાર દ્વારા એક દિવસ દુકાનો બંધ

પાલનપુર, તા. ૨૪

પાલનપુર ચોકસી સુવર્ણકાર એસોશિએશન દ્વારા સોમવારે HUIDના કાયદાના વિરોધમાં એક દિવસ દુકાનો બંધ રાખવામાં આવી હતી. હોલમાર્કિંગ ના કાયદા ના HUIDના કાયદા ના વિરોધમાં તા. ૨૩/૦૮/૨૦૨૧ ને

સોના-ચાંદીની દુકાનો બંધ હોવાથી રસ્તાઓ સુમસામ બન્યા સુવર્ણકાર એશોસિએશન દ્વારા એક દિવસીય બંધ પાળ્યુ હોવાથી પાલનપુરના મોટી બજારના રસ્તાઓ સુમસામ બન્યા હતા.

સોમવાર ના રોજ (એક દિવસ માટે) દેશમાં અને ગુજરાત માં સોના ચાંદી ના બજારો બંધ રાખી કાયદાનો વિરોધ કરવામાં આવ્યો હતો.જેના પગલે પાલનપુર ચોકસી સુવર્ણકાર એસોશિએશન દ્વારા HUIDના કાયદાના વિરોધમાં સોમવાર ના રોજ (એક દિવસ માટે) બંધ રાખવાનો પાળવામાં આવ્યુ હતુ.જેથી પાલનપુરની સોની બજાર સહીત જુદા-જુદા વિસ્તારમાં આવેલ સોના-ચાંદીની દુકાનો સંપૂર્ણ પણે બંધ રહેતા વિસ્તાર સુમસામ જોવા મળ્યો હતો.તેમજ કેટલાક ગ્રાહકો ખરીદી કરવા આવ્યા હતા.પરંતુ દુકાનની હડતાલ જોઇ પાછા ફરવાનો વારો આવ્યો હતો.

કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી પણ જિલ્લાના કેટરીંગ વ્યવસાયિકોની માઠી દશા

સ્વાદિષ્ટ ભોજન જમાડનારા સરકારી સહાય માટે ભૂખ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

કોરોનાના કપરા કાળમાં લૉકડાઉને અનેક ધંધા-રોજગારોને માઠી અસર પહોંચાડી છે. દોઢ વર્ષ કરતાં પણ વધારે સમયથી લગ્ન સમારંભોમાં કોવિડ ગાઈડલાઈન સાથે છૂટછાટ આપવામાં આવી પરંતુ હજુય હોટલ, રેસ્ટોરન્ટ અને ખાણીપીણી સહિત કેટરીંગના અન્ય વ્યવસાય પાટા ઉપર આવ્યા નથી જેથી સરકાર દ્વારા કેટરીંગના ધંધાર્થીઓને ખાસ સહાય આપવામાં આવે તેવી લાગણી વ્યવસાયિકોમાં જોવા મળી રહી છે. લગ્ન કે માંગલિક પ્રસંગો કોરોનાના સંક્રમણના કારણે સાવ ઘટી ગયા અને જ્યાં પણ લગ્નો યોજાયા ત્યાં સિમિત હાજરી રાખવામાં આવી હોવાથી તેની સીધી અસર કેટરીંગના વ્યવસાયને થઈ છે. જિલ્લામાં કોરોનાના કપરા કાળમાં અન્ય ધંધા-રોજગારોની સાથે કેટરીંગનો

વ્યવસાય સાવ ઠપ્પ થયો હતો જેમાં સરકારે સંક્રમણ ઘટતાં જાહેર કાર્યક્રમોને થોડી છૂટ આપી જેમાં કેટરીંગના વ્યવસાયિકોને ભોજન સમારંભોના ઓર્ડર મળ્યા ખરા પરંતુ સિમિત હાજરીના કારણે વ્યવસાયને ખાસ્સું નુકસાન ગયું છે. સરકારે પ્રવાસન ઉદ્યોગને ધ્યાનમાં રાખી ટ્રાવેલ્સ સંચાલકોને કેટલીક રાહતો આપી છે પરંતુ કેટરીંગના ધંધા માટે કોઈ છૂટછાટ આપી નથી જેથી ભોજન સમારંભોમાં ઓર્ડર લઈ ગુજરાન ચલાવનારા અસંખ્ય રાજસ્થાની પરિવારો હાલ પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. દોઢ વર્ષથી કેટરીંગના ધંધામાં કોઈ કસ ન હોવાનો બડાપો સાંભળવા મળી રહ્યો છે. ધંધામાં મંદી આવતાં અનેક લોકો સેન્ડવીચ, ફાસ્ટફુડ તેમજ દાબેલી સહિતના અન્ય નાના ધંધા તરફ વળ્યા છે. કેટરીંગના વ્યવસાયમાં મોટાભાગે ઓછું ભણેલા લોકો જોડાયેલા છે પરંતુ તેમની આગવી સૂચના કારણે ધંધાને વધુ વિકસાવવામાં સફળ થયા પરંતુ હવે કોરોનાએ ધંધાને માઠું નુકસાન પહોંચાડ્યું છે. લોન લેનારા કેટરીંગ સંચાલકોને હવે લોનના હપ્તા ભરવા માટે પણ ફાંફાં પડી રહ્યાં છે. ૨૦૦ લોકોની મર્યાદામાં પ્રસંગો ઉજવવાની છૂટ અપાઈ પરંતુ તેમાં આ વ્યવસાયને કોઈ મોટો ફાયદો થઈ શકે તેમ નથી.

ચાંપલાવતમાં પોલીસે રેડ કરતાં ૪ જુગારી ઝડપાયા: જિલ્લામાં શ્રાવણિયો જુગાર પરાકાષ્ટાએ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

શ્રાવણ માસમાં જુગારની બદી પરાકાષ્ટાએ પહોંચી છે. બાયડ તાલુકાના ચાંપલાવત ગામે સાઠંબા પોલીસે સાંજના સમયે ઓચિંતિ રેડ કરતાં ૪ જુગારીયા રૂા.૨૩૬૦ ની રોકડ રકમ સાથે ઝડપાતાં લૉકઅપમાં ધકેલ્યા છે. પત્તા પ્રેમીઓ જુગારની રમતમાં મશગુલ હતા જે સમયે પોલીસ પ્રગટ થતાં જુગારીયાઓમાં નાસભાગ મચી હતી. બનાવ અંગે સાઠંબા પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે.

ઝડપાયેલા જુગારી

ગોપાલસિંહ દિલીપસિંહ સોલંકી
વિજયસિંહ ભેમસિંહ સોલંકી
રાજેન્દ્રસિંહ ડાહ્યસિંહ સોલંકી
(તમામ રહે.ચાંપલાવત, તા.બાયડ)
નટવરસિંહ ચતુરસિંહ સોલંકી
(રહે.કાશીયાવત, તા.બાયડ)

શ્રાવણ માસના આરંભ સાથે જ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પોલીસના ડર વગર જુગારધામો ધમધમતાં થયાં છે. શહેરી વિસ્તારોમાં પોલીસની વધુ બીક રહેતી હોવાથી અઠંગ જુગારીયાઓએ હવે ગ્રામ્ય વિસ્તારોમાં જુગાર રમવા ધામા નાખ્યા છે. બાયડ તાલુકામાં પોલીસે અંદરખાને શ્રાવણિયા જુગારને લીલીઝંડી આપી હોય તેમ અંતરીયાળ વિસ્તારોમાં જુગારની રમત રાત-દિવસ ચાલી રહી છે. તા.૨૩ના રોજ સાઠંબા પોલીસે બાતમીના આધારે ચાંપલાવત ગામની સીમમાં રમાતા જુગાર સ્થળે ઓચિંતિ રેડ કરતાં ૪ જુગારી રંગેહાથે ઝડપાયા હતા. બનાવ અંગે અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈની ફરિયાદના આધારે સાઠંબા પોલીસે જુગારીયાઓ સામે ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદની આગાહી વચ્ચે બફારાથી પ્રજા બેહાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સારા વરસાદની આગાહી વચ્ચે કેટલાક વિસ્તારોમાં માત્ર વરસાદનાં ફોરાં વરસી રહ્યાં છે. વરસાદ ખેંચાયો છે અને

પાલનપુર પાતાળેશ્વર શિવલિંગને રૂ.૨.૯૦ લાખની નોટોથી શણગાર કરાયો. શ્રાવણ માસ ચાલી રહ્યો છે.ત્યારે દર સોમવારે ભગવાન શિવજીને જુદો-જુદો શણગાર કરવામાં આવે છે.જેમાં સોમવારે રૂ.૨.૯૦ લાખ રૂપિયાથી જુદી-જુદી નોટોથી શણગારવામાં આવ્યુ હતુ.જે આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતુ.

વરસાદ ખેંચાતાં ધરતીપુત્રોના જીવ ઉચાટમાં

વાતાવરણમાં ગરમી તેમજ બફારો વધતાં પ્રજા બેહાલ બની છે. છેલ્લા કેટલાક સમયથી હવામાન વિભાગ દ્વારા આગાહીઓ કરવામાં આવી રહી છે પરંતુ વરસાદે અનિશ્ચિતતા ઉભી કરી છે જેથી ખરીફ વાવેતર કરનારા ધરતીપુત્રોના જીવ ઉચાટમાં આવ્યા છે. આગામી ટૂંક સમયમાં વરસાદ નહીં વરસે તો ખરીફ ખેતી નિષ્ફળ જવાની દહેશત વ્યક્ત થઈ છે. વરસાદ ગણા લાંબા સમયથી હાથતાળી આપી રહ્યો છે. સારો વરસાદ વરસશે તેવી સીસ્ટમ રાજસ્થાન તરફ ફંટાઈ જતાં જિલ્લામાં વરસાદની આતૂરતાપૂર્વક સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે. નૈઋત્યના પવનને કારણે હવામાં ભેજનું પ્રમાણ વધ્યું છે અને ગરમીનો પારો ઉંચકાતો હોવાથી પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી હવામાન વિભાગ સારા વરસાદની આગાહીઓ કરતું આવ્યું છે પરંતુ વાદળો અન્ય સ્થળે સરકી જતાં નિરાશા મળી છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, વિજયનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર સહિતના વિસ્તારોમાં આ વર્ષે ખેડૂતોએ ચોમાસુ નિયમિત હોવાનું માની મોંઘુદાટ બિયારણ ખેતરોમાં ધરબી દીધું અને ત્યાર પછી માત્ર પાકને જીવતદાન આપવા માટે ઝરમરીયો વરસાદ વરસ્યા પછી ક્યાંય ભારે વરસાદનું નામોનિશાન નથી જેથી હવે ખેતરોમાં ખીલેલી ખરીફ ખેતી ઉપર સંકટ ઉભું થયું છે.